આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૬૮ | ૨૮ ઓગષ્ટ, ૨૦૧૨, મંગળવાર; અધિક ભાદરવા સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

પ્રેમ એક જ એવું પુષ્પ છે જેને ખીલવા માટે કોઇ ખાસ મોસમની જરૂર પડતી નથી

- ખલિલ જિબ્રાન

# ગાંધીનગરમાં વધુ એક વિક્રમ સર્જાયો

## મહાત્મા મંદિરમાં ૩૯૫૭ મહિલાઓએ એક સાથે શતરંજ રમીને ચેસના રમત ક્ષેત્રે વિક્રમ સર્જ્યો

## શતરંજ એ માનવીને સ્વયંમ્ જીતવાનો ઉત્તમ માનસિક આયામ છે : એલ. કે. અડવાણી



(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૨૭

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ સ્વામિ વિવેકાનંદ મહિલા ચેસ મહોત્સવના શાનદાર અવસરે શતરંજને માનવીના મન ઉપર સ્વયમ્ જીત મેળવવા માટેનો ઉત્તમ માનસિક આયામ ગણાવ્યો હતો. તેમણે ગુજરાતમાં શતરંજની રમત પ્રત્યેક પરિવારની પારિવારિક રમત બને તેવું વાતાવરણ સર્જવાનું આહ્વાન આપ્યું હતું.

સ્વામિ વિવેકાનંદની દોઢસોમી જન્મજયંતી ઉજવણીના ઉપક્રમમાં આજે મહાત્મા મંદિર-ગાંધીનગરમાં ગુજરાતની નારીશકિતના શતરંજના કૌશલ્યને ઉજાગર કરતો મહિલા ચેસ મહોત્સવ-૨૦૧૨ સંપન્ન થયો હતો જેમાં કુલ મળીને ૩૯૫૭ મહિલા ચેસ ખેલાડીઓએ ખેલદિલીપૂર્વક શતરંજ રમીને વિક્રમ સર્જ્યો હતો.

ગુજરાત સરકારના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ, સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત, ગુજરાત ચેસ એસોસિયેશન અને ફત્ત્વના સંયુકત ઉપક્રમે દેશમાં પહેલીવાર મહિલા શતરંજ મહોત્સવના આ આયોજનમાં પાંચ વખત વર્લ્ડ ચેસ ચેમ્પીઅન બનનારા ગ્રાન્ડ માસ્ટર વિશ્વનાથન આનંદે ઉપસ્થિત રહીને ગુજરાતની શાનવૃધ્ધિ કરી હતી. શ્રી વિશ્વનાથન આનંદનું ગુજરાત સરકાર વતી મુખ્યમંત્રીશ્રી અને શ્રી અડવાણીજીએ સન્માન કર્યું હતું.

આ ચેસ મહોત્સવની વિશેષતા એ હતી કે ગુજરાતની જ શતરંજની યશસ્વી કન્યા કુ. ધ્યાની દવેએ એકસાથે ૧૫૦ મહિલા ખેડીઓ સાથે ચેસની ચાલો ખેલી હતી અને શતરંજમાં ગુજરાતની નારીશકિતની સિધ્ધિઓને પ્રદર્શિત કરી હતી. આ શતરંજના ખેલમાં ૧૪૮ પ્રજ્ઞાચક્ષુ મહિલાઓએ પણ પોતાના બૌધ્ધિક કૌશલ્યની ક્ષમતા પ્રદર્શિત કરી હતી જેનું લિમ્કા બુક ઓફ વર્લ્ડ રેકોર્ડનું પ્રમાણપત્ર આપી મુખ્યમંત્રીશ્રીએ અભિવાદન કર્યું હતું. ગુજરાતના તેજસ્વી વિજેતા શતરંજ ખેલાડી ભાઇ-બહેનોનું પણ આ અવસરે અભિવાદન કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે શતરંજની રમત મોટાભાગે પુરૂષોના પ્રભાવમાં છે એ માન્યતાનો ભ્રમ ગુજરાતની મહિલાશકિતએ ભાંગ્યો છે અને ચાર હજાર જેટલી નારીશકિત એમાં પણ, ૧૪૮ જેટલી પ્રજ્ઞાચક્ષુ કન્યાઓએ શતરંજ એક જ છત્ર નીચે એક સાથે રમીને વિશ્વવિક્રમ રચ્યો છે તે સૌ આપણા અભિનંદનને પાત્ર છે.

કેટલાક લોકો ગુજરાતની દિશા અને દશા બદલવાનો ભ્રમ ફેલાવે છે ત્યારે ગુજરાતની આ યુવાશકિતએ અને ગુજરાતની જનતાએ જે વિકાસની-શકિતની ચાઇ પ્રસ્થાપિત કરી છે તે દિશા પકડવા પ્રધાનમંત્રીશ્રીને માર્મિક અપીલ કરતા જણાવ્યું કે ગુજરાતની ઉત્તમ દિશા પકડશો તો ભારતની દુર્દશા બદલાઇ જશે!

ગુજરાતની આવતીકાલની યુવાશકિતને સામર્થ્યવાન બનાવવાનો નિર્ધાર તેમણે વ્યકત કર્યો હતો. પૂર્વ ઉપ વડાપ્રધાન અને ગુજરાતના વરિષ્ઠ સંસદ સભ્યશ્રી એલ. કે. અડવાણીએ એક જ સમયે મહિલાઓ શતરંજની રમત સામૂહિક વાતાવરણમાં રમે એ ગુજરાતમાં રમત ક્ષેત્રે ઉત્કૃષ્ઠ વાતાવરણની પ્રતીતિ કરાવે છે એમ જણાવી મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતમાં ખેલકૂદ ક્ષેત્રમાં જે પ્રોત્સાહન અને વિઝનરી વ્યવસ્થાપન કર્યું છે તેની પ્રસંશા કરી હતી.

# જિલ્લામાં ૧૧મીથી ઓરી વિરોધી રસીકરણ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લામાં ઓરી વિરોધી રસીકરણ અભિયાનનો ૧૧ સપ્ટેમ્બર-૨૦૧૨થી આરંભ થઈ રહ્યો છે. આ અભિયાનમાં ૦થી ૧૦ વર્ષની આયુ ધરાવતા ૩ લાખ જેટલા બાળકોને આવરી લેવામાં આવશે.

અભિયાન અંગેની જાણકારી આપતાં જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. રાકેશ વૈદ્ય અને ડૉ. આર.વી. પંડ્યાએ જણાવ્યુ હતુ કે લક્ષિત બાળકોની યાદી તૈયાર કરવામાં આવી રહી છે. આ માટે સામુદાયિક જૂથોની બેઠકોનું આયોજન ચાલી રહ્યું છે.

આ બન્ને અધિકારીઓએ જણાવ્યું હતું કે આ અભિયાનમાં ૨૦૦ જેટલી ટીમો બનાવવામાં આવી છે. આ માટે એક હજારથી પણ વધુ આરોગ્યના કર્મચારીઓને સાંકળી લેવામાં આવ્યા છે. આ રસીકરણ માટે વેકસીનેટરને ખાસ તાલિમ પણ આપવામાં આવી છે. તેમણે જણાવ્યું હતું કે શાળા કક્ષાએ સહકાર મળે તે માટે શૈક્ષણિક સંસ્થાઓને જાણકારી આપવા ઉપરાંત જરૂરી હૂકમો પણ શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવ્યા છે. ૧૧ સપ્ટેમ્બરથી ૩૧ સપ્ટેમ્બર સુધી જિલ્લામાં આ અભિયાન ચાલશે.

આ અધિકારીઓએ જણાવ્યુ હતુ કે રસીકરણના ત્રણ દિવસ પૂર્વે બાળકને એક નિમંત્રણ કાર્ડ આપી તેણે કયાં રસીકરણ માટે જવાનુ છે તે સ્થળ પણ દર્શાવવામાં આવશે. આ તદન નવતર અભિગમ તંત્રએ અપનાવ્યો છે. રસીકરણ કરાયા બાદ બાળકને રસીકરણ કરાયુ છે તેવુ કાર્ડ પણ ટીમ દ્વારા આપવામાં આવશે. રસીકરણ કરાયા બાદ બાળકની જાણકારી માટે તેના ડાબા હાથની ટચલી આંગળી પર અવિલોપ્ય શાહી જેવી શાહીથી નિશાન પણ કરવામાં આવનાર છે.

● અનુસંધાન પાન-૭





ગુજરાત હાઉસિંગ પર મકાનના ફોર્મ આપવામાં આવનાર છે તેવી માહિતી ફેલાયા બાદ મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. જેના કારણે પોલીસને લાઠીચાર્જ કરવાની પણ ફરજ પડી હતી.

# અમદાવાદ હાઉસીંગ બૉર્ડની કચેરી બહાર ભીડ : લાઠીચાર્જ

## અફવાના પગલે લોકો ફોર્મ લેવા દોડ્યા : ભીડને કાબૂમાં લેવા પોલીસનો લાઠીચાર્જ, વૃદ્ધાને ઇજા : સ્થિતિ વણસી

અમદાવાદ, તા. ૨૭

આગામી ગુજરાત વિધાનસભાની ચૂંટણીને ધ્યામાં લઇને કોંગ્રેસની ઘરનું ઘર યોજનાને સારો પ્રતિસાદ મળતા તેને ટક્કર આપવા માટે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની સરકાર પણ જરૂરીયાત વાળા લોકો માટે મકાન આપવાની યોજનાના ફોર્મ આપવાની શરૂઆત કરી રહી છે તેવી અફવા ફેલાતા મોટી સંખ્યામાં લોકો ફોર્મ લેવા એકત્રીત થયા હતા. આ ફોર્મને લેવા માટે જરૂરથી વધુ લોકો એકઠા થઇ જતા પરિસ્થિતી વણસી ગઇ હતી. સ્થિતીને કાબુમાં લેવા માટે પોલીસને લાઠીચાર્જ કરવાની ફરજ પડી હતી. અમદાવાદ હાઉસીંગ બોર્ડની બહાર લાઠીચાર્જ થતાં કેટલાકને નજીવી ઇજા થઇ હતી. ફોર્મ લેવા માટે અમદાવાદ હાઉસીંગ બોર્ડની કચેરીની બહાર લાઇનો લાગી હતી. કોંગ્રેસ દ્વારા ગૃહિણીઓના નામે ઘરના ઘરની યોજના અમલમાં મૂકતા તેને સારો પ્રતિસાદ મળતા ભાજપ સરકારે પણ મૃતઃપાય બનેલા ગુજરાત હાઉસીંગ બોર્ડને જીવતદાન આપીને અમદાવાદ, વડોદરા અને સુરતમાં ૬૩૦૦ જેટલાં ફલેટ્સ બનાવવાની વિચારણા શરૂ કરી છે ત્યારે ગુજરાત હાઉસીંગ બોર્ડની શાસ્ત્રીનગરની કચેરીએ સસ્તાં મકાનો માટેના ફોર્મનું વિતરણ થતું હોવાની અફવાને પગલે ફોર્મ મેળવવા માટે લોકોની લાંબી લાઇનો લાગી ગઇ હતી. લોકોની ભારે ભીડ એકત્ર થઇ જતાં પરિસ્થિતિને કાબૂમાં લેવા પોલીસે લાઠીચાર્જ કર્યો હતો. જેમાં એક વૃદ્ધ મહિલાને ઈજા થઇ હતી. સૂત્રોના જણાવ્યા મુજબ અમદાવાદના શાસ્ત્રીનગર વિસ્તારમાં આવેલ ગુજરાત હાઉસીંગ બોર્ડની કચેરીએ સસ્તાં મકાનોના ફોર્મનું વિરણ થઇ રહ્યું હોવાની અફવાને પગલે મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. અને ગઇ મધરાતથી લોકો ઉમટી પડ્યા હતા. અને ગઇ મધરાતથી કચેરીની બહાર લોકોની લાંબી લાઇનો લાગી ગઇ હતી. આ સમગ્ર ઘટના અંગે જાણ થતાં પોલીસનો કાફલો ગુજરાત હાઉસીંગ બોર્ડની કચેરી ખાતે પહોંચી ગયો હતો. અને લોકોને હટાવવાના પ્રયાસો શરૂ કર્યા હતા. પોલીસે રાતના ૧૧ થી ૨.૩૦ વાગ્યા સુધી લોકોને ભગાડ્યા હતા. દરમિયાન આજે સવારે ૧૦ વાગ્યે લોકોની ફરીવાર ભીડ એકત્ર થઇ હતી. પોલીસ ભીડને વિખેરવા માટે લાઠીચાર્જ કર્યો હતો. જેમાં એક વૃદ્ધ મહિલાને ઈજા થઇ હતી. પોલીસે હાઉસીંગ બોર્ડની કચેરી બહાર નોટિસ લગાવીને અફવાથી દૂર રહેવા લોકોને અપીલ કરી છે.

# તો ઉત્તર ગુજરાતના ખેડૂતો ગાંધીનગરમાં ઉપવાસ કરશે

## માણસા ખાતે ખેડૂત હિત રક્ષક સમિતિ ઉપક્રમે યોજાયેલ ખેડૂત સંમેલન

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત સરકાર ખેડૂતોના પ્રશ્નો ઉકેલવામાં સકારાત્મક અભિગમ નહિ દાખવે તો આગામી દિવસોમાં ઉત્તર ગુજરાતના ખેડૂતો એક દિવસના પ્રતીક ઉપવાસ ગાંધીનગર ખાતે યોજી આંદોલનના શ્રી ગણેશ કરશે તેવી ચેતવણી આજે ખેડૂત હિત રક્ષક સમિતિએ આપી છે.

ગાંધીનગર તાલુકાના માણસા ખાતે આજે યોજાયેલ ખેડૂત સંમેલનમાં હિતરક્ષક સમિતિની વિધિવત્ રચનાની ઘોષણા કરી અને ૨૩ જેટલા પ્રશ્નો અંગે મામલતદારને આવેદન પત્ર આપવામાં આવ્યું છે.

આજે માણસા ખાતે યોજાયેલ સંમેલનમાં રાજ્યની દુષ્કાળગ્રસ્ત સ્થિતિને ધ્યાને રાખી ખેડૂતોના હિતમાં તાકીદે નિર્ણય કરવા સરકારને જણાવાયું છે. આ સંમેલનમાં ૭૦ જેટલા ગામોના ત્રણ હજારથી પણ વધુ ખેડૂતો હાજર રહ્યા હતા.

ખેડૂતોએ આજે આપેલા આવેદન-પત્રમાં વીજકનેક્શનમાં મીટર પ્રથા કાયમી ધોરણે બંધ કરવા, નવા વીજજોડાણ બિનશરતી રીતે તત્કાલ આપવા, પાણીપત્રક તાત્કાલિક મળતા થાય તે માટે જુની પ્રથા પુનઃ અમલમાં મુકવી, કૃષિવિષયક ધિરાણો માફ કરવા તેમજ વીજ બિલોમાં પણ માફીની યોજના અમલી બનાવવા માંગ કરવામાં આવી છે.

ખેડૂતોએ ૨૩ થી પણ વધુ મુદ્દાનું આવેદનપત્ર રજૂ કર્યુ છે. જેમાં બ્લોક પ્રથા નાબુદ કરી સર્વે નંબર દાખલ કરવા, દૂધમાં પ્રતિ લીટર રૂ. પાંચનો ભાવ-વધારો આપવા, નાના ખાતેદારોના હિતોનું રક્ષણ કરવું, ખેત મજૂર ખેતીના કામ દરમ્યાન સર્પદંશથી કે કરંટ લાગવાથી મૃત્યુ પામે તો અપાતી સહાય ૧૦ લાખ રૂ. કરવાની માંગ પણ આ આવેદન પત્રમાં કરવામાં આવી છે.

આજની આ સભાને ભરતભાઈ, દશરથભાઈ, અરવિંદભાઈ સહિતના અગ્રણીઓએ સંબોધી હતી. આ સંમેલનમાં નાદરી, સૌલેયા, ઉનાવા, બાલવા, બાજીપુર, શાહપુર, વલાદ, ધોળાકુવા, ઈરાણા, ચાંદીસણા, જામળા સહિતના ગામોના ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ સભામાં ખેડૂતોના પ્રશ્નો ઉકેલવામાં જો સરકાર સકારાત્મક અભિગમ નહિ દાખવે તો આગામી દિવસોમાં ઉત્તર ગુજરાતના ખેડૂતો ગાંધીનગર આવી ઉપવાસ આંદોલન થેડશે તેવી ચીમકી પણ નેતાઓએ ઉચ્ચારી હતી.

# બાલવા ચોકડી પાસેથી ૧૦૦ કિલો અફીણનો જથ્થો ભરેલી કાર ઝડપાઇ

## એક લાખનો અફીણ જપ્ત કરી માણસાના શખ્સની ધરપકડ

કલોલ, તા. ૨૭

માણસા-અમદાવાદ રોડ પરથી પસાર થઈ રહેલી અફીણનો મસમોટો જથ્થો ભરેલી રીટ્સ કારને કલોલ તાલુકા પોલીસે વાહનચેકીંગ દરમ્યાન બાલવા ચોકડી પાસેથી મોડી સાંજે ઝડપી પાડી હતી. કારમાંથી સો કિલો વજનનો અફીણનો જથ્થો પાંચ અલગ-અલગ કોથળામાં ભરેલી હાલતમાં મળ્યો હતો. પોલીસે એક લાખનો અફીણનો જથ્થો જપ્ત કરી માણસાના એક શખ્સની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ માણસાથી અમદાવાદ તરફ જતા માર્ગ પર આજે સાંજના સુમારે રીટ્સ ગાડી નં. જીજે-૧-કે.એફ.-૮૭૨૯ પસાર થઈ રહી હતી. દરમ્યાન બાલવા ચોકડી પાસે કલોલ તાલુકા પી.આઈ. પી.ઓ. ભટ્ટ તેમની ટીમ સાથે વાહનચેકીંગમાં ઉભા હતા. પોલીસને જોઈને બાલવા પાસેથી નિકળેલી રીટ્સ કારના ચાલકે સ્પીડ વધારી દીધી હતી. કારચાલકની ઉપર શંકા જતા પોલીસે તેને ઉભી રખાવી કારની તપાસણી કરી હતી. કારની પાછળના ભાગે પાંચ મોટા-મોટા કોથળાઓ ભરેલા જોઈ પોલીસે તેનું ચેકીંગ કરતાં તેમાંથી અફીણનો જથ્થો મળી આવ્યો હતો. મસમોટો જથ્થો જોઈને સ્તબ્ધ થઈ ગયેલી પોલીસે કાર સાથે અફીણનો જથ્થો અને કારના ચાલકને પોલીસ સ્ટેશન લઈ ગયા હતા. કારમાં પડેલો અફીણનો જથ્થો ૧૦૦ કિલોથી વધુ વજનનો હતો. તો બીજી તરફ માણસાથી અમદાવાદ તરફ જથ્થો કારમાં ભરીને લઈ જઈ રહેલા માણસાના દયારામ ધનજી ઠક્કરની એક લાખના અફીણના જથ્થા સાથે ધરપકડ કરી લઈને પી.આઈ. પી.ઓ. ભટ્ટે સઘન પુછપરછ શરૂ કરી છે.

# ગાંધીનગર - સરખેજ બસમાં અચાનક આગ

## ડ્રાઈવરની સર્તકતાથી ૧૫૦થી વધારેના જીવ બચ્યા : ફાયર બ્રિગેડે પહોંચી આગ પર કાબૂ મેળવ્યો

ગાંધીનગર, તા.૨૭

સોલાબ્રિજ નજીક અજન્તા ચોકડી પાસે આજે સવારે ગાંધીનગરથી અમદાવાદ તરફ જઈ રહેલી અને મુસાફરોથી ખીચોખીચ ભરેલી એસટીબસમાં આગ ફાટી નીકળી હતી. પરંતુ ડ્રાયવરની સર્તકતાને કારણે ૧૫૦થી પણ વધુ લોકોના જીવ બચી જવા પામ્યા હતા અને મોટી જાનહાની થતા-થતાં રહી ગઈ હતી. ઘટનાની વિગત એવી છે કે આજે સવારે ગાંધીનગર એસટી ડેપો પરથી ડ્રાયવર શિવાભાઈ પટેલ એસટીબસ લઈ સરખેજ તરફ આવવા રવાના થયા હતા. સવારનો સમય હોવાથી એસટી બસ મુસાફરોથી ખીચોખીચ ભરેલી હતી. દરમ્યાનમાં એસટી બસ સોલાબ્રિજ પાસેથી પસાર થઈ રહી હતી ત્યારે અન્ય એક વાહન ચાલકે બસની પાછળના ભાગે ધુમાડા નીકળતા હોવાનું કહ્યું હતું. જેથી ડ્રાયવર શિવાભાઈએ તુરંત એસટી બસને સાઈડમાં પાર્ક કરી દીધી હતી. જેથી તમામ મુસાફરો એક પછી એક બસમાંથી નીચે ઉતરી ગયા હતા. દરમ્યાનમાં એસટી બસના પાછળના ભાગે ભીષણ આગ ફાટી નીકળી હતી. ઘટનાની જાણ ફાયરબ્રિગેડને કરાતા ફાયર કાફલો તુરંત દોડી ગયો હતો. ફાયર બ્રિગેડે તુરંત આગને કાબુમાં કરી લીધી હતી. જોકે એસટી બસનો પાછળનો પુરોભાગ બળીને ખાખ થઈ ગયો હતો.